# પૂજ્ય લાલચંદભાઈના પ્રવચનો
# શ્રી સમયસાર ગાથા ૧૩, તા. ૦૫-૦૪-૧૯૮૯
# ભિંડ, પ્રવચન P ૦૬

આ શ્રી સમયસાર પરમાગમ શાસ્ત્ર છે તેનું જીવ નામના પ્રથમ અધિકારમાં ૧૩ નંબરની ગાથા તે ચાલે છે. એનું સ્વાધ્યાય ચાલે છે. આચાર્ય ભગવાન અનાદિ કાલથી જે અજ્ઞાની પ્રાણીનું લક્ષ પર ઉપર છે, સ્વ ઉપર, એટલે પોતાના પર લક્ષ, જ્ઞાયક જ્ઞાનાનંદ આત્મા ઉપર લક્ષ આવતું નથી, તો જ્યાં સુધી નિમિતનું લક્ષ રહે છે, ત્યાં સુધી નવ તત્વની ઉત્પતિ થઈ જાય છે, અને નવતત્વની ઉત્પતિ થવાથી પોતાનો શુધ્ધઆત્મા એમાં તિરોભૂત થઈ જાય છે. હોવાથી પણ દેખાતું નથી નવતત્વની ઉત્પતિ કેવી હોય અને ઉત્પતિ હોવા છતાં પણ એનાથી ભિન્ન આત્મા કેવો છે અને કેમ, કેમ તે દ્રષ્ટિમાં આવી જાય? વાત તો હું, તો મારી ભાષા ગુજરાતી છે એવી હિન્દી ભાષા તો નથી જે તમને બધાને .., મુમુક્ષુ: તત્વ બધાને સમજમાં આવે છે. ઉત્તર: હાં, છુટ મળે તો ગુજરાતીમાં હું બોલું આહાહા! બાહ્ય દ્રવયદ્રષ્ટિથી વાત આવી ગઈ. હવે, એક બીજી વાત આચાર્ય ભગવાન સમજાવે છે. આપણે તો આચાર્ય ભગવાનને સાંભળવા માટે અહિ ભેગા થયા છે. આ લાલચંદભાઈને સાંભળવા માટે આ મુમુક્ષુ નથી આવ્યા. આચાર્ય ભગવાન શું ફરમાવે છે કે શાસ્ત્રમાં આત્માનું સ્વરુપ શું છે? શાસ્ત્રમાં પર્યાયનું સ્વરુપ શું છે? શાસ્ત્રમાં ત્રિકાળી ઉપદાનનું સ્વરુપ શું છે અને એનું લક્ષણ શું છે? અને શાસ્ત્રમાં ક્ષણિક ઉપદાનનું સ્વરુપ શું છે અને એનું લક્ષણ શું છે? અને આગમમાં નિમિતના લક્ષથી નૈમિત્તિક અવસ્થા થાય છે, તેનું સ્વરુપ શું છે અને એનું લક્ષણ શું છે? એવી ઘણી વાત ગૂઢ ભાવ આ પરમાગમ શાસ્ત્રમાં બધી ભરી છે. એનો અર્થ ન સમજમાં આવે એવું નથી કારણ આપણા માટે આ શાસ્ત્રની રચના કરી છે. મુનિ માટે નથી, જ્ઞાની માટે પણ નથી કેવળ અનાદિનો જે અજ્ઞાની જીવ છે, અપ્રતિબુધ્દ છે એટલે જેને આત્માનો જ્ઞાન નથી થયું. આત્માનો અનુભવ નથી થયો એના માટે આ સમયસાર શાસ્ત્રની રચના કરી છે નિયમસાર શાસ્ત્ર તો પોતાની ભાવના માટે બનાવ્યું પણ સમયસાર શાસ્ત્ર તો અનાદિ કાલનો અજ્ઞાની જીવ પોતાના સ્વરૂપને સમયે-સમયે ભુલી રહ્યો છે, એવા અજ્ઞાનીને સમજાવા માટે આ શાસ્ત્રની રચના થઈ ગઈ છે. તો એમાં એક પ્રકાર બીજું બતાવે છે. **તેવીજ રીતે અંતર દ્રષ્ટિથી જોવા જાયે તો** એટલે બાહ્ય દ્રષ્ટિથી જુઓ તો નવ તત્વ દેખાય છે, પણ અંતર દ્રષ્ટિથી જુઓ તો :- **એક જ્ઞાયકભાવ જીવ છે** બાહ્યદ્રષ્ટિથી ભેદ દેખાય છે, નિમિત દેખાય છે, પર દેખાય છે, રાગ દેખાય છે, પર્યાય દેખાય છે, ગુણભેદ દેખાય છે. તે બધી બાહયદ્રષ્ટીનું કાર્ય છે અંતરદ્રષ્ટિનું કાર્ય તો **અંતરદ્રષ્ટિથી જોવા જાયે તો:-** આ શરત; અંતરદ્રષ્ટિથી જોવા જાયે તો, તો લખ્યું છે, સમજ્યા! એમાં પુરષાંર્થ છે અંતરદ્રષ્ટિથી જોવા જાયે તો જ્ઞાયક ભાવ જીવ છે. એકલો આહાહા! જ્ઞાયક ભાવ જે અનંત ગુણનો પિંડ છે એમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, સુખ, વીર્ય, પ્રભુત્વ, વિભુત્વ આદિ અનંત અનંત અનંતગુણ શક્તિ અંદરમાં છે. એક-એક ગુણ બેહદ સામર્થથી ભરેલો છે, છલોછલ! એવી અંતરદ્રષ્ટિથી જોવા જાયે તો, એટલે બાહ્યદ્રષ્ટિથી ઇન્દ્રિયજ્ઞાનને

જોવું, ઇન્દ્રિયજ્ઞાનથી જોવું એ બાહ્ય દ્રષ્ટી છે. અને કારણ કે ઇન્દ્રિયજ્ઞાન જાણવાનું સાધન નથી; શું કહિયું? આત્માને જાણવા માટે ઇન્દ્રિયજ્ઞાન સાધન નથી કારણ કે પોતાની જાતના પરીણામ નથી. આત્મા તો અતિઇન્દ્રિયજ્ઞાનમયી છે, અનાદિ અનંત જેને જ્ઞાયક ભાવના દર્શન કરવા છે તો અંતરદ્રષ્ટિથી તે થાય છે અને અંતરદ્રષ્ટિથી જોવાથી શું દેખાય છે અંતરમાં? કે એક જ્ઞાયક ભાવ જીવ છે. આ નવ તત્વ જીવ નથી, ખરેખર તો અજીવ છે. તે અજીવનો વિસ્તાર છે તે આચાર્ય ભગવાને પરમાગમમાં બધી વાત અજીવ અધિકારમાં કહી છે અજીવ અધિકાર જીવથી પણ ઊંચો છે. અરે! આ શું? જીવનું સ્વરુપ અસ્તિથી કહિયું અને અજીવનું સ્વરુપ નાસ્તિથી, પરંતુ જીવનું સ્વરુપ જ કહિયું જીવ બતાવું છે, અજીવ બતાવું (નથી) શું કહિયું? અજીવનું જે સ્વરુપ લખ્યું, તો બધા ૧૪ ગુણસ્થાન, માર્ગણાસ્થાન, જીવમાસ આ બધા પુદગલમય પરીણામ છે, ભૈયા! પુદગલના સંગથી ઉત્પન્ન થયું તો આ નિશ્ચયનયથી તો આ પુદગલના ભાવ છે એટલે જીવનો વિસ્તાર ક્યારે થતો જ નથી વિસ્તાર થાય છે, વિસ્તાર કરો તો જીવ નહીં રહે, અજીવ બની જાશે મુમુક્ષુ:- વાહ! વાહ! ઉત્તર:- સુરેન્દ્રભાઈ! મુમુક્ષુ:- હા જી! આ બધી શાસ્ત્રની વાત હું બતાવું છું. અજીવ અધિકાર છે. નાસ્તિથી, નાસ્તિથી પણ જીવનું સ્વરુપ બતાવું છે કે આ ૧૪ ગુણસ્થાન છે પણ તે જીવ નથી જીવ તેનાથી જુદો છે. તો અજીવ છે. તેમ અંતર્દષ્ટિથી દેખો તો જ્ઞાયકભાવ જીવ છે. જીવ એક જ છે. જીવના નવ સ્વરુપ નથી તે તો સ્વાંગ છે, સ્વભાવ નથી. આહાહા! **અંતરદ્રષ્ટિથી જોવા જાય તો જ્ઞાયક ભાવ જીવ છે અને જીવના વિકારનું હેતુ અજીવ છે** જીવનું વિશેષ કાર્ય, જીવમાં પરીણામ જે થાય છે, પરીણામ, એનું નામ વિકાર એટલે વિશેષ કાર્ય વિકાર એટલે કષાય નથી, શુભ -અશુભ ભાવ નથી, વિશેષ કાર્ય વિશેષ કાર્યમાં પૂણ્ય-પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ બધા વિકાર છે. જીવ નથી પણ જીવના વિશેષ કાર્ય છે. આહાહા! જીવનું વિકારના હેતુ, હેતુ એટલે નિમિત કારણ અજીવ છે. જીવની પર્યાય પ્રગટ થાય છે જીવની વિશેષ કાર્ય પર્યાય પ્રગટ થાય છે તે પર્યાયનું કારણ જીવ નથી પણ અજીવ છે. શું કહ્યું? પૂણ્ય-પાપ, આસ્રવ, બંધ એનું કારણ તો અજીવ છે, નિમિત કારણ; પણ સંવર, નિર્જરા, મોક્ષની ઉત્પતિનું નિમિત કારણ પણ ભગવાન આત્મા નથી, અજીવ છે. આહાહા! આમાં લખ્યું છે તે વાંચું છું, જુવો:- **જીવના વિકારનો હેતુ અજીવ છે** શાસ્ત્ર જેની પાસે છે, તમે તમારા શાસ્ત્રમાં જુવો. નહીં! અચ્છા! એમાં લખ્યું છે, જીવના વિકારના હેતુ વિશેષ કાર્યના હેતુ (અજીવ છે) પરીણામનું કારણ આત્મા નથી પરીણામના કર્તા તો આત્મા નથી, પણ પરીણામના નિમિત કારણ પણ ભગવાન આત્મા નથી કારણ કે તે નૈમિત્તિક ભાવ છે. તે સ્વભાવિક ભાવ (નથી) આહાહા! ઉપાદાન કારણ તો નથી આત્મા. જીવના પરીણામ થાય છે એનો ઉત્પાદક તો નથી. ઉપદાનરૂપથી તો ઉપાદાન કારણ નથી એટલે કર્તા નથી, પણ નિમિત કારણ પણ આત્મા નથી કર્તા નથી, કારિયતા નથી, અનુમોદક નથી અને કારણ પણ (નથી) જ્યાં કારણ આવે ત્યાં નિમિત કારણ રાખવું, વાંચવું, અને કર્તા આ ઉપાદાન કર્તા. કર્તા અર્થાત ઉપાદાન કર્તા નથી અને કારણ એટલે નિમિત કારણ પણ નથી કારણ કે આત્મા તો અનાદિ કાલનો છે જો મોક્ષનું કારણ આત્મા હોત તો મોક્ષ હોવું જોઈએ. અને કર્તા હોત તો બધા મોક્ષ કરી દે. પણ જીવનું અસ્તિત્વ હોવાથી પણ પરીણામનું કારણ ભગવાન આત્મા નથી પરીણામનું કારણ પરીણામ છે, ક્ષણિક ઉપાદાન અને

એનું નિમિત કારણ અજીવ છે તો નૈમિત્તિક થઈ ગયું. પહેલા ઉપાદાનથી જો, પાછળથી નિમિતના સંગથી થયું તો નૈમિત્તિક થયું સ્વભાવિક નથી પર્યાય સ્વભાવ તો પરમ પારિણામીક ભાવવાળા જીવ એક છે તે આત્મા છે, જીવ તત્વ છે, એમ આમાં લખ્યું છે, જુવો! **ભાવવાળા જીવના વિકારના હેતુ અજીવ છે** હેતુ એટલે નિમિત કારણ એટલે આત્મા નિમિત નથી. જે આત્મા પૂણ્ય-પાપમાં, શુભ-અશુભ ભાવમાં નિમિત હોય તો નિત્ય કારણપણાનો દોષ આવે, નિત્ય કરતાંપણાંનો દોષ આવે. આહાહા! તો કોઈપણ જીવને સમ્યકદર્શનજ ન થાય અને મોક્ષ પણ (ન થાય) નિત્ય પુણ્ય-પાપ રુપ જ પરીણમન કર્યા કરે એવું છે નહી. **અજીવ છે; અને પુન્ય-પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ તથા મોક્ષ .. એ જેનું** કારણ છે **લક્ષણ છે** . **જેનું લક્ષણ છે એવા કેવલ જીવને વિકાર છે** આ પર્યાયનું લક્ષણ છે. પુણ્ય-પાપ જીવનું લક્ષણ (નથી) સંવર, નિર્જરા, મોક્ષ આ પરીણામના લક્ષણ છે જીવ દ્રવ્ય નું લક્ષણ (નથી) શું વાત સમયસારમાં! ધનનાલાલજી સાહેબ! અદભૂતથી અદભૂત વાત છે અંદર. સાફ લખ્યું છે કે **બંધ તથા મોક્ષ ..આ જેનું લક્ષણ છે એવા કેવલ જીવનું વિકાર છે** જીવનું વિકાર એટલે જીવના વિશેષ કાર્યનું લક્ષણ છે. કોઈનું લક્ષણ પૂણ્ય-પાપ છે, કોઈનું લક્ષણ આસ્રવ, બંધ છે, કોઈ પરીણામનું લક્ષણ સંવર છે, કોઈ પરીણામનું લક્ષણ નિર્જરા છે અને કોઈ પરીણામનું લક્ષણ (મોક્ષ છે). તો લક્ષણ ભિન્ન-ભિન્ન છે. એવું જીવનું લક્ષણ ભિન્ન-ભિન્ન નથી એક જ લક્ષણ છે. આહાહા! **અને પૂણ્ય-પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ તથા મોક્ષ વિકાર હેતુ કેવલ અજીવ છે;** એક જીવના પરીણામ હોવા છતાં પણ એનું હેતુ કારણ નિમિત કારણ જીવ નથી એનું કોઈ નિમિત કારણ હોવું જોઈએ ઉપાદાન કારણ તો સ્વયં પર્યાય છે, પણ તે પરીણામ જે પ્રગટ થાય છે, તે જીવના આશ્રયથી પ્રગટ નથી થતા. જીવના કારણથી જીવના પરીણામ નથી થતાં પરીણામ થાય છે પોતાને કારણ એ સમય જડ કર્મ સદભાવ અને અભાવરુપ નિમિત થઈ જાય છે. એટલે નિમિતના સંગથી નવનો ભેદ ઊભો થઈ જાય છે નિમિતના સંગથી ન જો, તો નવ તત્વ દેખાશે નહીં અંતરદ્રષ્ટિથી જ્ઞાયક ભાવના દર્શન થશે તું નિમિતનું કરે છે એટલે નવ તત્વ તને દેખાય છે પણ નિમિતનું લક્ષ છોડી દે. આહાહા! તો નૈમિતિક પર્યાયની ઉત્પતિ જ નહીં થાય. તો જ્ઞાનનું જ્ઞેય પણ નહીં થાય. જ્ઞાનનું જ્ઞેય તો ભગવાન આત્મા બની જશે સુમિતજી! ભાઈ સાહેબ કહે છે બહુજ સુંદર છે, આહાહા! આત્માની સિવાય કોઈ આ જગતમાં સુંદર છે જ નહીં અને એક આત્મા જ શરણ છે, બાકી કોઈ શરણ (નથી) દેવ-ગુરુ-શાસ્ત્ર શરણ નથી તો તારા કુટુંબ કબિલા તો શરણ ક્યાંથી આવશે? આહાહા! પરદ્રવ્ય આત્માને શરણ દેતું નથી અને આત્મા શરણ લેતું પણ નથી જે પરનું શરણ લે છે તે અનાત્મા છે. આત્મા લેતો (નથી). આત્મા તો નિરાલંબી તત્વ છે. કોઈનું અવલંબન આજ સુધી આત્માએ નથી લીધો અને અત્યારે પણ નથી લેતો. અત્યારની વાત છે અને ભવિષ્ય કાલમાં અવલંબન લેવાવાળો (નથી) કારણ કે નિરાલંબી તત્વ છે, આહાહા! અવલંબન કોણ લે છે? કે ખરેખર અજીવ, અજીવનું અવલંબન લે છે. પરદ્રવ્ય, પરદ્રવ્યનું અવલંબન લે છે. સ્વદ્રવ્ય કોઈનું અવલંબન લેવવાળું (નથી) આ સાત તત્વના સમૂહને પરદ્રવ્ય કહયું છે, પરભાવ કહયું છે અધ્યાત્મનું અભ્યાસ જીવને નથી. આગમનું અભ્યાસ કરી લે જિંદગી પૂરી થઈ જાય. અને અધ્યાત્મનું આહાહા! દ્રવ્યાનુંયોગનું, આહાહા! મોક્ષમાર્ગપ્રકાશક કર્તાયે લખ્યું કે પ્રથમમાં પ્રથમ દ્રવ્યાનુંયોગનું અભ્યાસ

કરો. દાકતર સાહેબે લખ્યું છે? મુમુક્ષુ:- હા લખ્યું છે. ઉત્તર: સારું! લખ્યું છે તો માનવું જોઈએ કે નહીં? મુમુક્ષુ:- માનવું જ પડશે. ઉત્તર:- માનવું પડશે! સારું! દ્રવ્યાનુંયોગના અભ્યાસ કરવાથી આત્મા સ્વછંદી થાય છે કે સ્વતંત્ર થઈ જાય છે મુમુક્ષુ:- સ્વતંત્ર થઈ જાય છે ઉત્તર:- પરાધીન દ્રષ્ટિ છુટી જાય છે. સ્વાધીન દ્રષ્ટિ પ્રગટ થાય છે. આહાહા! **એવા કેવલ જીવના વિકારો અને પુણ્ય, પાપ, આસ્રવ, બંધ તે વિકાર હેતુ કેવલ અજીવ છે** અહીં એક વ્યવહાર જીવ છે. વ્યવહાર જીવ અને સામે વ્યવહાર અજીવ છે. બે વ્યવહાર છે બે, માત્ર પર્યાયમાં નિમિત-નૈમિતિક સંબધ! નિમિત-નૈમિતિક સંબધ પરીણામના પરની સાથે હોય છે. દ્રવ્યના પરીણામ પર પદાર્થની સાથે નિમિત-નૈમિતિક નથી. આહાહા! આત્મા કોઈને નિમિત બનતું જ નથી આહાહા! અને પર પદાર્થ આત્માને નિમિત બનતા નથી. હું પરનો નિમિત નથી અને પર મારુ નિમિત નથી. આહાહા! નિમિત-નૈમિતિક સંબધ વ્યવહારનયથી પર્યાયની સાથે પરની સાથે હોય છે તો નવ ભેદ ઉત્પન થઈ જાય છે. **વિકાર હેતુ આ તો કેવલ અજીવ છે, એમ આ નવતત્વ જીવ દ્રવ્યના સ્વભાવને છોડીને** આહાહા! શું ફરમાવે છે? કોહિનૂરનો હીરા છે અંદરમાં, નજર પડે તો નિહાલ થઈ જાય. એમ એક વાર બનાવ બન્યો કે ખેત, ખેડુ ખેડુ ખેતમાં જતો હતો. ખેડુત પોતાના ખેતરમાં જતો હતો, માઇલ બે માઇલ ત્રણ માઇલ દુર, રસ્તામાં એવો વિચાર એને આવ્યો કે, 'આંધળો કેવી રીતે ચાલે છે?' તો આગળ હીરા પડેલા હતા, ત્રણ હીરા પડયા હતા, હેં! આહાહા! એક એક કરોડ, પાંચ પાંચ કરોડનો એક, કીમતી ત્રણ હીરા પડેલા હતા. રતન. તે ટાઇમે બરાબર એને વિચાર આવ્યો, તે વખત કે આંધળો કેવી રીતે ચાલે છે, હું જોવ તો ખરી, પ્રૅક્ટિસ તો કરું, સમજ્યા. આંખ મીચીને ચાલ્યો, હીરા પાછળ રહી ગયા. પછી આંખ ખોલી તો કાંઇ હાથમાં આવ્યું નહીં એમ આ શાસ્ત્રનું પઠન પાઠન કરવાવાળો જીવ પણ જ્યારે વ્યવહારની વાત આવે છે, શાસ્ત્રમાં બહુ આવે છે જાણવા માટે નિષેધ કરવા માટે છે. ઉપાદેય કરવા માટે વ્યવહારનું પ્રતિપાદન આવ્યું (નથી). જ્યારે વ્યવહારની વાત આવે છે એકદમ આંખ ખોલે છે, હાં આ અમારું આવ્યું. શું આવ્યું તમારું? મોત આવ્યું અને જ્યાં આ વાત આવી કે **જીવદ્રવ્યના સ્વભાવને છોડીને** નવની ઉત્પતિ કેમ થાય છે? અંતરદ્રષ્ટિથી તું જોતો નથી અને બાહ્યદ્રષ્ટિથી જોવે છે, આહાહા! જે એક જીવદ્રવ્યના

સ્વભાવને છોડીને, તે હીરા કોહીનૂર, ત્યાં આવ્યું, અરે! આ નિશ્ચયનું કથન છે, છોડી દીધું તેને. તેને (છોડી દીધું) જેમ તેને ખેડુતે છોડી દીધુંને ખેડુતે, એવી નિશ્ચયની વાત આવી ત્યાં આંખ વિનચી જાય છે અને વ્યવહારની વાત જો આવે તો ઘોડે સવાર થઈ જાય છે. આહાહા! આવ્યું અમારું, અમે પણ કહેતા હતા, અમે પણ કહેતા હતા કે આત્મા પરીણામનો કર્તા છે અને દુ:ખનો ભોક્તા છે. અમે પણ કહેતા હતા. આ શાસ્ત્રમાં લખ્યું છે, આહાહા! ભૈયા! ભૈયા, આ દ્રવ્યદ્રષ્ટિની વાત જુદી છે અને પર્યાય દ્રષ્ટિની વાત જુદી છે. વ્યવહારનયના કથન જિનાગમમાં બહુ આવે છે પણ એનું ફળ સંસાર છે શુદ્ધનયનું કથનતો વિરલ છે. ક્યાંક ક્યાંક (કહીં કહીં) છે. તે કહેવારા પણ વિરલ જ છે. આહાહા! તો આ આવ્યું, જીવ દ્રવ્યના સ્વભાવને છોડીને એટલે અંતરદ્રષ્ટિથી ન જોયું. અંતરદ્રષ્ટિથી જુઓ તો જ્ઞાયક દેખાય જાય, સમજાણું? તો બાહયદ્રષ્ટી છુટી જાય છે પણ પોતાના જ્ઞાયકભાવના સ્વભાવનું લક્ષ છોડીને-સ્વભાવનું લક્ષ છોડી નિમિતનું લક્ષ કર્યું **જીવદ્રવ્યના**

**સ્વભાવને છોડીને, પોતે અને પર** પોતે અને પર, પરીણામ, પરીણામ પોતે, પોતે એટલે પર્યાય પોતે પર્યાય છે. પર્યાયને પોતે (સ્વયં) આત્મા તો એક બાજુ રહ્યો તે તો પરીણામમાં આવતો નથી તે તો પરીણામ તેને અડતો પણ નથી આહાહા! **સ્વયં અને પર જેનું કારણ છે** આગળ (પહેલા) આવ્યુંને આ જીવના વિકાર, આ અજીવ નિમિત, આવ્યું કે નહીં? એજ સ્પષ્ટી કરે છે કે એવી ઉત્પતિ કેમ થાય છે? નવતત્વની ઉત્પતિ કેમ થાય છે? શુભાશુભ ભાવની ઉત્પતિ કેમ થાય છે? જન્મ કેમ થાય છે? કે અંતરદ્રષ્ટિથી તે આત્માને આજ સુધી જોયો નથી અને બાહયદ્રષ્ટીથી જોવાથી પુણ્ય પાપની ઉત્પતિ થશે અને પુણ્ય પાપ મારા છે એવી ભ્રાંતિ પણ થશે. આહાહા! તો **જીવ દ્રવ્યના સ્વભાવને છોડીને સ્વયં અને પર જેના કારણ છે,** પર્યાય, જીવના વિકાર પરીણામ અને એમાં નિમિત, આ નૈમિતિક અને તે નિમિત, નિમિત-નૈમિતિક; નિમિત સંબધથી જોવાથી નૈમિત્તક ભાવ ઊભો થઈ જાય છે અને આત્માના સ્વભાવ જોવાથી નૈમિતિક ભાવની ઉત્પતિ થતી(નથી) અને પરીણામ સ્વાભાવિક પર્યાયની ઉત્પતિ સંવરની થાય છે, એ પણ નૈમિતિક નથી સ્વાભાવિક છે કેમકે તે આત્મા બની જાય છે, અભેદથી આત્મા બની જાય છે. ભેદથી સંવર છે, અભેદથી તો આત્મા. ભેદથી જોવાથી તો તે પરદ્રવ્ય છે. શું કહયું? સવંર, નિર્જરાને ભેદથી ન જો. આહાહા! તે પરીણામ પણ કથનચિત અનન્ય હોવાથી આત્મા જ છે **જીવ દ્રવ્યના સ્વભાવને છોડી સ્વયં અને પર જેનું કારણ છે** આહાહા! એક નૈમિત્તિક અને બીજું નિમિત એમાં ક્યાંય સ્વભાવ નથી નિમિતમાં પણ જીવ ન આવ્યું અને નૈમિતિકમાં પણ (નહિ). આવ્યું જીવ? અમે તો નથી જોયું. આહાહા! છે નહીં, ક્યાંથી દેખાશે? નૈમિતિકમાં જીવ (નથી). નિમિતમાં પણ જીવ નથી અને નૈમિતકમાં પણ (નથી) હે જીવ? પુણ્ય પાપ જીવસ્વરૂપ છે? આહાહા! **જેનું કારણ છે એવી એક દ્રવ્યની પર્યાયોના રૂપમાં અનુભવ કરવા પર ભુતાર્થ છે અને સર્વ કાલમાં** એક દ્રવ્યના પરીણામની નજર કરો તો પરીણામ છે, નિમિત પણ છે, નૈમિતિક ભાવ પણ છે હેં! તો પણ --હવે આવશે, બીજો કોહિનૂરનું હીરો આવ્યો હવે બીજુ; એક તો આવી ગયું. શું આવ્યું? **જીવ દ્રવ્યના સ્વભાવને છોડીને** , પરીણામ આપણા અંતરમુખ ન થવાથી બહિર્મુખ થાય છે નિમિતના સંગમાં ચાલી જાય છે પરીણામ, તો નવતત્વનો ભેદ ઊભો થઈ જાય છે. અને હવે બીજુ**સ્વયં અને પર જેનું કારણ છે એવી એક દ્રવ્યની પર્યાયોના રૂપમાં અનુભવ કરવાથી ભુતાર્થ છે અને સર્વ કાલમાં**પરીણામ છે, પરીણામ છે પણ એ જીવના પરીણામ કહો, પણ જીવ તેને ન કહો. સવંર, નિર્જરા, મોક્ષના જીવના પરીણામ કહો પણ તેને જીવ ન કહો. આહાહા! કારણકે જીવનું લક્ષણ તેમાં નથી. ચેતના લક્ષણ (તેમાં) હોવાથી પણ નિત્ય ચેતના લક્ષણ નથી. અને સવંર, નિર્જરા, મોક્ષમાં ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક લક્ષણ હોવા છતાં પરમપરિણામીકભાવ લક્ષણ તેમાં નથી. અને સવંરની પર્યાયમાં અનંતગુણ પણ નથી, અનંતગુણ વાળો તો જીવ છે. પરીણામ જીવ (નથી). વ્યવહાર જીવ એટલે is equal to અજીવ છે. આહાહા! ભેદ છે ને? અભેદ હોય તો આત્મા થઈ જાય છે. ભેદની દ્રષ્ટિ છોડવા માટે આ બધી વાત છે. **અસ્ખલિત એક જીવ દ્રવ્યના સ્વભાવની નજીક જઈને** જોવો! બીજો કોહિનૂરનો હીરો આવ્યો, નિમિતનું લક્ષ છોડીને પોતાના દ્રવ્ય સ્વભાવની અંતરમુખ દ્રષ્ટથી જોવાથી અસ્ખલિત આત્માનો સ્વભાવ જે છે "શુદ્ધ ચેતના સિંધુ અમારો રુપ છે" અસ્ખલિત અનાદિ અનંત છે, એમાં સ્ખલના

આવતી (નથી) પરિણામમમાં સુધાર બગાડ થાય છે પણ ભગવાન આત્મામાં સુધાર બગાડ થતું નથી. તે તો અસ્ખલિત છે. આહાહા! અનાદિ અનંત એક રુપ જેનું છે. **शुद्ध निश्चय नयसे जीवका स्वरूप (दोहा)**

**एक देखिये जानिये, रमि रहिये इक ठोर। समल विमल न विचारिये, यहै सिद्धि नहि ओर।२०।।**

આહાહા! અસ્ખલિત પોતાના સ્વભાવ ક્યારે આત્મા છોડતો નથી પરીણામ ભલે પોતાના સ્વભાવ છોડીને કષાય આવી જાય અને પછી અકષાય પણ પ્રગટ થાય (થઈ જાય) આવા પરિણામમમાં અદલ-બદલ, વધ -ઘટ ભલે હોય પણ ભગવાન આત્મા તો અઘટિત ઘાટ છે. આ અઘટિત (ઘાટ છે) ટંકોટકીર્ણ પરમાત્મા છે જેવી પ્રતિમા છે એવી ચૈતન્ય પ્રતિમા અંદર બિરાજમાન (છે) આહાહા! અસ્ખલિત એટલે સ્ખલના શુદ્ધતાને છોડતા નથી આત્મા ક્યારે. ક્યારે શુદ્ધતાને છોડતા નથી. પોતાના સ્વભાવને છોડતા નથી **એક જીવદ્રવ્યના** જ્યાં જીવદ્રવ્ય આવ્યું ત્યાં "એક" વિશેષણ લગાવે છે એક જ્ઞાયકભાવ એક જ્ઞાયકભાવ. આહાહા! **એક જીવદ્રવ્યના સ્વભાવની સમીપ જઈને** સમીપ એટલે અંતરદ્રષ્ટિથી જોવાથી, અનુભવ કરવા પર, આહાહા! અનુમાન કરવા પર નહી. શું કહ્યુ? અનુમાનમાં આવી જાય એનાથી શું ફાયદો? કાંઈ ફાયદો નહી. આહાહા! એવો અનુમાન તો અનંતવાર કર્યો. પણ અનુભવ (ન થયો) આહાહા! અનુમાન માનસિક જ્ઞાનનો વ્યાપાર છે. ઇંદ્રિયજ્ઞાનનો વ્યાપાર છે. ભાવઈન્દ્રિયનો વ્યાપાર છે. ભાવઇન્દ્રિયમાં મનમાં અનુમાન થાય છે જ્ઞાનમાં અનુભવ થાય છે મનનો વ્યાપાર પરોક્ષ છે અને જ્ઞાન તો પ્રત્યક્ષ છે આહાહા! બરાબર! સારું! બરાબર! બધાના આમ માથા ડોલે છે. મારી નજર તો બધા પર દુર સુધી જાય છે ને! જોવ છું. મુમુક્ષુ:- સમય પાકી ગયો છે સાહેબ. સમય પાકી ગયો છે. ઉત્તર:- હૈ! સારી વાત કરી! હૈ? જુના પંડિત છે, બહુજ જૂના . ૭૯ years old, તે તો શરીરની સ્તિથિ છે. આત્મા તો જુનો અનાદિ અનંત છે. આહાહા! સમય પાકી ગયો છે. મુમક્ષુ:- વાહ! રે વાહ! ઉત્તર:- તે પોતાના ભાવથી બોલે છે. પોતાની વાત કરે છે, સમજ્યા? પણ સાથે સાથે બીજાને સાથે લહે છે. શાદી હોય છે તો સાથે ખાવાનું હોય છેને? બધા સાથે હોય તો ઠીક. એવો સમય પાકી ગયો છે. સમય પાકી ગયો છે તો આ કુંદકુંદની વાણી કાન પર આવે છે સમય પાક્યા વિના વાણી (કાન પર) આવતી નથી આહાહા! સાચી છે વાત! સમય પાકી ગયો. આહાહા! **અસ્ખલિત** ભગવાન આત્માને સ્વભાવનો સ્ખલન ક્યારે થતો નથી આ તો જેમ છે, તેવો ને તેવો સુખસાગર, જ્ઞાનસાગર, આનંદસાગર, વીર્યસાગર, આ તો સાગર છે. આહાહા! તે તો સાગરની ઉપમા છે બાકી સાગરની ઉપમા તેને લાગુ પડતી નથી. સાગરનો પણ અંત થાય છે. લોકાકાશ સુધી છે. અલોકમાં તો સમુદ્ર (નથી) એકલો આકાશ છે ને? તે તો લિમિટેડ (limited) છે. સાગર તો. આ તો અનલિમિટેડ (unlimited) સ્વભાવ છે તેને. અસ્ખલિત ક્યારે સ્ખલિત થતો નથી. પરીણામમાં મિથ્યાત્વ તીવ્ર થઇ જાય, નિગોદના જીવમાં તીવ્ર મિથ્યાત્વ પરીણામ હોવાથી પણ તેનો ભગવાન આત્મા તેનો સ્વભાવથી ભર્યો છે આહાહા! અસ્ખલિત છે, સ્ખલના થતું નથી ક્યારે નથી થતી તેમાં. **એક જીવદ્રવ્યના સ્વભાવની સમીપ જઈને અનુભવ કરવામાં આવતાં** અનુમાન નહિ, અનુભવ કર્તા એટલે અનુભવ પ્રત્યક્ષ છે. અનુમાન પરોક્ષ છે, સમજ્યા? પરોક્ષમાં આનંદ નથી આવતો. પરોક્ષમાં હર્ષ આવે છે પણ આનંદ (નથી આવતો)

**અનુભવ કરવા પર તે અભુતાર્થ છે, અસત્યાર્થ છે** જુઓ, નવતત્વ દેખાતો નથી અંતરદ્રષ્ટિથી જુઓ તો જ્ઞાયકભાવ એક દેખાય છે. અભેદમાં કોઈ ભેદ દેખાતો નથી. તે પરીણામ અભેદને જુઓ. તે પરીણામને પરિણામી પરીણામને નથી જોતો પરીણામ અભેદ સામાન્યને જોવે છે તો તે પરીણામ શુધ્ધ થઈ જાય છે. અપને આપ! તે પરીણામ પણ આત્મા થઈ જાય છે. અનન્ય કથનચિત, આહાહા! સ્પર્શતા હોવાથી પણ નથી સ્પર્શતું, આહાહા! આ નવતત્વના ભેદ, અભેદમાં ભેદ નથી દેખાતો અંતરદ્રષ્ટિથી અનુભવ કરવાથી પર હું કોણ છુ? હું તો જ્ઞાનાનંદ પરમાત્મા છે. મારાપણુ અપનાપણું શુધ્ધ આત્મામાં આવી જાય છે પરિણામમાં પોતાપણું અનંત કાળથી હતું, તેનો ક્ષય થઇ જાઇ છે. વ્યય થઇ જાઇ છે. પોતાપણું ગયું. પરીણામ રહી ગયા પણ પરીણામમાં અપનાંપન (ચાલી ગયું) જુઓ! પરીણામ રહી ગયાં અને અપનાંપન ચાલી ગયું, તેનું નામ મોક્ષમાર્ગ છે. તેનું નામ તે વીતરાગ ભાવ છે. મુમુક્ષુ:- દુર કોઈને કરવાના નથી એટલે અકર્તા છે. ઉત્તર:- હાં! દુર કરવાના નથી. હાં દુર કરવાના નથી એટલે તો અકર્તા છે. જો દુર કરે તો કર્તા બની જાઈ આત્મા. આહાહા! ઉત્પાદક પણ નથી અને કોઈનો વ્યવ કરવાનો છે (નહિ). ગ્રહણ કરવાવાળો પણ નથી અને છોડવાવાળો પણ નથી, આહાહા! **એટલે આ તત્વોમાં** બહુવચન છે. તત્વોમાં, તત્વોમાં તત્વ છે. નવતત્વો બહુવચન છે તેમાં એકવચન તત્વ બિરાજમાન છે. આહાહા! **આ** તત્વોમાં **નવ તત્વોમાં ભુતાર્થનયથી** , આહાહા! એક વખત તું ઇન્દ્રિયજ્ઞાનથી જોવાનું બંધ કરી દે પ્રભુ! આહાહા! ઇન્દ્રિયજ્ઞાનથી આત્મા પરને જાણતો જ નથી. પરને જાણવા માટે ઇન્દ્રિયજ્ઞાન સાધન નથી તે પણ આના પછી ૩૧ ગાથા લેવાનો ભાવ આવ્યો છે એટલે તેનો પડછાયો આવે છે. શરૂઆત થઈ ગઈ ૩૧ ગાથા. આહાહા! ઇન્દ્રિયો ને જિતવાથી મોહનો ક્ષય થઇ જાય છે. આ પ્રકારે, તેથી આ તત્વોમાં ભુતાર્થ નયથી અંતરદ્રષ્ટિથી જુઓ, શુધ્ધનયથી જુઓ, અતિઇન્દ્રિયથી જુઓ. ઇન્દ્રિયજ્ઞાનથી આત્મા દેખાતો નથી, કેમ કે ઇન્દ્રિયજ્ઞાન આત્માની જાત નથી. તે જ્ઞાયકનો ભાવ નથી, તે જ્ઞેયનો ભાવ છે. રાગઆદિ ભાવકનો ભાવ છે. અને ઇન્દ્રિયજ્ઞાન જ્ઞેયનો ભાવ છે. એટલે તે જ્ઞેય છે, જ્ઞાન (નથી) આહાહા! **એક જીવ જ પ્રકાશમાન છે** આહાહા! નવતત્વ કોઈ દેખાતા નથી તો એકાંત થઈ જાશે. દ્રવ્યને પણ જાણવું જોઇએ અને પર્યાયને પણ જાણવું જોઈએ. પ્રમાણના પક્ષવાળા છે. આહાહા! પ્રમાણના પક્ષવાળાને પરીણામથી આત્મા ભિન્ન છે, તેમાં એકાંતની ગંધ આવે છે પણ સમ્યકએકાંતની સુગંધ તેને આવતી (નથી) **જીવ જ પ્રકાશમાન છે** અને બીજા કોઈ દેખાતા (નથી) નિર્વિકલ્પ ધ્યાન જ્યારે આવે છે, શુધ્ધોપયોગ થાય છે ત્યારે એકલા જ્ઞાયક ભાવ હું છું એવું પરીણામ થઈ જાય છે અંદરમાં, આહાહા! **તત્વોમાં ભુતાર્થ નયથી જીવ જ પ્રકાશમાન છે** જીવ જ "એવ" સમ્યકએકાંત! આત્મા દેખાય છે અને નવ તત્વ દેખાતું નથી કેમ કે એકમાં અનેકની નાસ્તિ છે, એનું નામ અનેકાંત છે. એકમાં અનેકની નાસ્તિ, એનું નામ અનેકાંત છે, આહાહા! તે પ્રમાણવાળું અનેકાંત અલગ છે અને નયવાળું અનેકાંત અલગ ચીજ છે. તે અનેકાંત પ્રમાણના જાણવાની વાત છે અને અહીં તો પ્રયોજનની સિધ્ધિ કરવા માટે જ્ઞાયક ભાવમાં પ્રમત -અપ્રમત નથી, આહાહા! એવા નવતત્વ આત્મામાં નથી. એક આત્માને જોવે તો આત્મા જ આત્મા દેખાય છે. અંદરમાં ગુણભેદ દેખાતો નથી ધ્રુવમાં અનંતગુણ છે, અનંતગુણ છે પણ ગુણ ભેદ દેખાતો નથી, તો ઉત્પાદ-વ્યય તો ક્યાંથી

દેખાશે? કારણ કે ઉત્પાદ-વ્યવ તો ધ્રુવમાં જ નથી. શું કહ્યું? ઉત્પાદ-વ્યવ દેખાતો નથી કેમ કે ધ્રુવમાં ઉત્પાદ-વ્યવ છે જ નહીં. હોં! તેમાં અનંતગુણ છે અનંતગુણ છે પણ ગુણભેદ દેખાતો (નથી) જે ગુણભેદને જે જોવે છે તેને આત્મા દેખાતો નથી. આહાહા! મુમુક્ષુઃ- તો શું દેખાય છે? ઉત્તરઃ- અભેદ સામાન્ય ચિદ્રાનંદ ભગવાન આત્મા દ્રષ્ટિમાં આવે છે અને અતીન્દ્રિય આનંદમુર્તિ દેખાય છે. આનંદમુર્તિ હું છું, બસ! અને કોઈ દેખાતું નથી. આહાહા! બહાર આવેને એ શાસ્ત્ર લખે છે. અંદરમાંથી બહાર આવે તો બીજાને સમજાવાની કરુણા પણ આવે છે. એવો અસ્થિરતાનો ભાવ થાય છે ને, આ પણ યોગ્યતા! આ પણ યોગ્યતા છે, તેની સ્વકાળમાં આવીને નિર્જરા થઈ જાય છે. બંધનું કારણ (નથી)! એવા કરુણાના ભાવ પણ સાધકને આવે છે, સચમુચ તો તેનું જ્ઞાન આવે છે તો કરુણાના ભાવ પણ નિર્જરાનું કારણ છે, બંધનું કારણ નથી. આહાહા! **એમ તે, એકપણે પ્રકાશતો,** , આહાહા! એકત્વ, એકપણું. શુદ્ધનય આત્માને એક છે એવું દેખાડે છે **એકપણે પ્રકાશતો, શુદ્ધનયપણે અનુભવાય છે.** આત્માનો અનુભવ તો વ્યવહારથી થતો નથી. ઇન્દ્રિયજ્ઞાનથી

આત્માના દર્શન થતું નથી. ઇન્દ્રિયજ્ઞાન સચમુચ જ્ઞાન નથી, જ્ઞેય છે. તે હવે આવશે ૩૧ ગાથા. આહાહા! **અને જે આ અનુભુતિ છે**, જે અનુભુતિ થઈ આત્માની **તે આતમાખ્યાતિ જ છે**, આત્માની પ્રસિધ્ધિ છે. અનુભુતિએ અનુભુતિને પ્રસિદ્ધ નથી કર્યું, અનુભુતિએ આત્માની પ્રસિધ્ધિ કરી, આહાહા! મે આત્માને અનુભુતિથી પ્રસિદ્ધ કર્યો તો મારા કોઈ ટકા તો રાખો? તારા કોઈ ટકા નથી. આહાહા! તે જે પ્રસિદ્ધ કર્યો શુદ્ધઆત્મા, તે જ હું છું. આહાહા! ભલે તે પ્રસિદ્ધ કર્યો પણ પ્રસિદ્ધ થયો તો હું. પ્રસિદ્ધ કોણ થયો? મુમુક્ષુઃ- હું! ઉત્તરઃ- તેવું લખ્યું છે આમાં. મુમુક્ષુઃ- અનુભુતિ દ્રવ્ય બની ગઈ. ઉત્તરઃ- અનુભુતિ દ્રવ્ય બની ગઈ. અનુભુતિ પર્યાય હવે નથી રહી. આહાહા! આ સિવાય શું જોઈએ? જે જોતું હતું તે થઈ ગયું. કાર્યસિધ્ધિ થઈ ગઈ, બસ! એટલું છે. સંસારનો અભાવ થઈ જાય છે. એક સમય આત્માનું સ્પર્શ થાય છે તેનું રિઝર્વેશન (reservation) થાય છે. સિદ્ધ પરમાત્મા છે ને? જાવું છે ને ત્યાં, સમશ્રેણી જાય છે આત્મા સિદ્ધાલયમાં. બૂકિંગ (booking) અહીં થાય છે, બૂકિંગ. રિઝર્વેશન (reservation)અહીં થાય છે. એક વખત આત્માનો અનુભવ થયો, ખલાસ! જુઓ આ ટ્રેનમાં બહુ ભીડ હોય છે તો ત્રણ મહિના પહેલા કોઈએ રિઝર્વેશન કરાવી લીધું, ખિસામાં છે, પાછળથી કોલાહલ (અવાજ) થઈ ગયો કે ટિકિટ નથી મળતી, ટિકિટ નથી મળતી.. તે તો આરામથી બેઠો છે કેમકે ટિકિટ ખિસામાં છે. ટિકિટ (ખિસામાં છે). ક્યારે મોક્ષ થાશે એની ચિંતા સમ્યગ્દષ્ટિ કરતો નથી કેમ કે ટિકિટ ખિસામાં છે. આત્માનું સ્વરુપ એક વખત જેણે અનુભવમાં લીધું, આહાહા! અલ્પકાળમાં કોલકરાર છે કે તેની મુક્તિ થવાની છે. સ્વકાળમાં મુક્તિ થશે. આહાહા! એવું જ્ઞાન પણ તેને છે એટલે જલ્દી પણ નથી કરતો અને પ્રમાદમાં પણ નથી રહેતો. જલ્દી કરે તો કર્તાબુધ્ધિ અને પ્રમાદમાં રહે તો આળસુ થઈ જાય છે. પ્રમાદ પણ નહીં અને ઉતાવળો પણ નહિ, એવો મધ્યસ્થ થઈ આત્માને જાણતા જાણતા મસ્ત રહે છે. આત્માને જાણતા જાણતા મસ્ત રહે છે તે તો. **અનુભૂતિ તે આત્મખ્યાતિ (આત્માની ઓળખાણ) જ છે, ને આત્મખ્યાતિ તે સમ્યગ્દર્શન જ છે**. જેને આત્માની પ્રસિધ્ધિ જ્ઞાનમાં આવી ગઈ, હું જ્ઞાયક છું તો તેનું નામ સમ્યકદર્શન છે **જ છે**. **આ રીતે આ સર્વ કથન નિર્દોષ છે - બાધા રહિત છે.**. અનુભુતિનું નામ જ

સમ્યકદર્શન. અનુભુતિ થઇ આત્મખ્યાતિ, તો તેનું નામ સમ્યકદર્શન છે અહિયાં કોઇ તર્ક લગાવે કે સમ્યકદર્શન લખ્યું છે પણ ચારિત્ર લખ્યું નથી. અરે ભૈયા! ત્રણ અંશ સાથે જન્મે છે - સમ્યકદર્શન-જ્ઞાન-ચારિત્ર. પણ મુનિરાજને યોગ્ય સ્થિરતા નથી, થોડી સ્થિરતા છે. એક કષાયનો અભાવ થયો, સ્વરૂપાચરણ ચારિત્ર છે. ત્યાં તો સમ્યકદર્શનની મુખ્યતા છે. મિથ્યાત્વ ગયું અને સમ્યકદર્શન પ્રગટ થયું. **આ રીતે આ સર્વ કથન નિર્દોષ છે**. હવે ભાવાર્થમાં હું થોડું લઇ લવ. ભાવાર્થમાં સારી વાત! કોઇ વાત સારી છે, થોડી લઇ લવ, બહુ વિસ્તાર નહીં કરું મુમુક્ષુ:- ના ના વિસ્તારથી લ્યો, ભાઇ, કાલથી ૩૧ ગાથા શરુ કરવાની છે. ઉત્તર:- સારું! કોઇ બાધા નથી ભલે. તો કાલથી ૩૧ ગાથા બધા વાંચીને આવે, ઠીક છે! બધા તો નહીં, થોડા થોડા વાંચીને આવશે. ભાવાર્થ:- તે તો આનંદની વાત કરું છું. હું નીંદતો નથી. આનંદની વાત કરું છું. આનંદ કર્તા કર્તા જ આનંદ પ્રગટ થઇ જાય છે. આકુલતાથી આનંદ નથી થતો. **ભાવાર્થ:- આ નવ તત્વોમાં** ... જુઓ તત્વો છે ને, બહુવચન તો નવ થઇ ગયો ને? અચલજી! **આ નવ તત્વોમાં શુધ્ધનયથી જોવા જાયે તો** વ્યવહારનયથી જુઓ તો નવતત્વ આત્મારુપ દેખાય છે. નવતત્વ આત્મા રુપ દેખાય છે અને વ્યવહારની આંખ બંધ કરી ધો અને એક શુધ્ધનયની આંખ ખોલો તો શુધ્ધનયથી જોવા જાય તો જીવ જ, જ શબ્દ જ આવ્યો, પણ નહીં. સમ્યક્ત એકાંતનો ધોતક છે. આ જ છે ને, તે સમ્યક્ત એકાંતનો ધોતક છે. છે તો જીવ જ. **એક ચૈતન્ય ચમત્કારમાત્ર** ભાવમાત્ર, **એક ચૈતન્ય ચમત્કારમાત્ર** એટલે તેમાં નવતત્વનો ભેદ દેખાતો નથી. અભેદ સામાન્ય ટંકોત્કીર્ણ પરમાત્મા દેખાય છે. આહાહા! ચૈતન્ય ચમત્કાર હોં! આ ચૈતન્યનું ચમત્કાર છે. ચૈતન્ય ચમત્કાર માત્ર. માત્ર એટલે નવ દેખાતા નથી. આ નિષેધ કરવાની માટે માત્ર લખ્યું. એક દેખાય છે ને, નવ દેખાતા નથી. એટલે માત્ર શબ્દ જોડી દીધો Only, ફક્ત. એક દેખાય છે અંતરદ્રષ્ટિથી, **ચૈતન્ય ચમત્કારમાત્ર પ્રકાશરૂપ પ્રગટ થઈ રહિયો છે**. આહાહા! પ્રગટ તો હતો પણ શુધ્ધનયથી જોયું (તો) પ્રગટ થઇ ગયો. પર્યાયમાં દેખાય ગયો તો પ્રગટ થઇ ગયો. અમને દેખાય ગયો, બસ! તો પ્રગટ થયો. **આ બીજા ભિન્ન-ભિન્ન, એના** સિવાય, **સિવાય** છે? આહાહા! નવતત્વ કાંઇ દેખાતું નથી. પર્યાય દેખાતી નથી તો એકાંત નહીં થઇ જાય? આહાહા! આ પ્રમાણના પક્ષવાળાનું કામ નથી. હા! આ શુધ્ધનયનો પક્ષ આવે તો અનુમાન તો આવી શકે પણ પ્રમાણના પક્ષવાળાને શુધ્ધાત્મા અનુમાનમાં પણ નથી આવતો. મુમુક્ષુ:- પરમ સત્ય વાત. બાબુજી:- નવતત્વને જોવે છે. ત્યાં એકાંત નથી બોલતો. ઉત્તર:- હાં, નવતત્વને જોવે છે ત્યાં એકાંત નથી બોલતતો, પણ એક આત્માને જુવો તો એકાંત થઇ જશે, બોલો! આહાહા! એક કજિયારા હોય છે ને, શું બોલે છે? ઝગડાળું હોય છે ને? ગુરુદેવ દ્રષ્ટાંત દેતા હતા. ગુરુદેવ દ્રષ્ટાંત દેતા હતા - એક પિતાને બે પુત્ર હતા. તો તરબુચ આવ્યો. તરબુચમાંથી બે ચીર બનાવી, પિતાજીને, સમજ્યા? માતાજીયે બનાવી, તો એક ચીર તો લાંબી અને એક ચીર ટુંકી પણ વજન સરખું, બેના વજન એક સરખાં, સમજ્યા? એકનો લાંબો ને એક ટુંકા પણ મોટા, સમજ્યા? પણ વજન બનેનાં સરખાં. તો માતાજી જાણતીથી કે આ લડવાવાળો એક છોકરો છે તો લડશે. એટલે તેને પહેલા કહ્યુ કે બેટા તું લઇ લે પહેલા. કેમ કે ઝગડાળું છે ને? સમજ્યાં! તો એક ચીર તેણે લઇ લીધી, સમજ્યા? ટુંકી ચીર લઇ લીધી. લાંબી ચીર રહી ગઇ. તો તેણે લાંબી લઇ લીધી. હાં હા! મને તે જોઇએ, આ નથી જોતી, લાંબી

જોઈએ તો લાંબી લે; ટૂંકી ચીર તેને દીધી, તો નહીં નહીં તે જોઈએ. ઝગડા જ કરે છે. તે ઝગડા જ કરે છે અજ્ઞાની જીવ અનાદિકાળથી તેનું કામ ઝગડામાં જિંદગી વિતાવે છે. અને આ પર્યાય પૂરી થઈ, આહાહા! ક્યાં ચાલ્યો જાશે તે ખબર પડતી નથી. આહાહા! **ચૈતન્યચમત્કાર-માત્ર પ્રકાશરૂપ પ્રગટ થઈ રહ્યો છે, તે સિવાય** એક સિવાય **જુદાં જુદાં નવ તત્વો કાંઈ દેખાતાં નથી**. ભાઈ! વ્યવહારનયથી દેખાય છે એમ કેમ ન લખ્યું કે વ્યવહાર નય અસ્ત થઈ ગઈ છે. વ્યવહારનય ઉદય નથી થઈ હમણાં. વ્યવહારનયનો નાશ થાય છે, ત્યારે શુધ્ધનયનો ઉદય થઈ જાય છે. આહાહા! એક સાથે બેનો ઉદય હોતો (નથી). આહાહા! આ તો કોઈ અલોકિક સમયસાર છે. સમયસાર.... **જુદાં જુદાં નવ તત્વો કાંઈ દેખાતાં નથી.** ગોંણરુપથી તો દેખાય છે એવું તો લખો? વ્યવહારનયથી દેખાય છે એવું તો લખો? અરે! દેખાતું નથી તો મુખ્ય-ગોંણની વાત છે જ નહીં. તો આંખ બંધ થઈ ગઈ, તે આંખ, ચક્ષુ સર્વથા બંધ થઈ ગઈ. ભેદનું લક્ષ છૂટી ગયું -ભેદનું લક્ષ છુટી ગયું, અભેદનું લક્ષ આવ્યું તો અભેદ જ દેખાય છે, ભેદ દેખાતું નથી. જેના ઉપર લક્ષ છે તે જ દેખાય છે, જેના ઉપર લક્ષ નથી તે હોવા છતાં પણ દેખાતો નથી. આહાહા! અદભુત વાત છે, ડોક્ટર સાહેબ! ધનાલાલ સાહેબ જુના છે. પ્રયોજનભૂત વાત ચાલે છે. આહાહા! અપ્રયોજનભુત વાતનું તો જ્ઞાન એટલે અજ્ઞાન ઘણું કર્યું અપ્રયોજનભૂત, જંબૂદ્વીપ કેવો છે અને મહાવિદેહક્ષેત્ર કેવો છે અને આ કેવું છે અને આ કેવું છે આ મેરૃપર્વત, કેટલા છે અને ત્યાં કેટલું છે અને ભોગભૂમિમાં આયુષ્ય કેટલું છે અને સ્વર્ગમાં આયુષ્ય કેટલું છે અને, આહાહા! પ્રૂમાણથી બહાર ચાલ્યો ગયો. પ્રમાણથી બહાર ચાલ્યો ગયો. આહાહા! જયપુરમાં એક વખત કહ્યું એનો પત્ર પણ આવ્યો છે અર્ચનાનો, કાલે પત્ર મળ્યો, ભાઈસાહેબની પુત્રી જયપુરમાં નાની, તેના લગ્ન સગાઈ ન'હોતી થઈ. મોટા અને પુત્રી, બન્ને બેઠા હતા. હું તો જાણતો ન'હોતો. વખ્યાનમાં કહ્યું હતું કે "પ્રમાણની બહાર જવું નહિ અને પ્રમાણમાં અટકવું નહિ". એણે પકડી લીધું અને અમારા રૂમમાં બધા થોડા મુમુક્ષુ તો આવે ને, ચર્ચા કરવા માટે તો બહેનો-ભાઈઓ બેઠા હતા. તેમાં એણે કહ્યું કે, 'ભાઈ સાહેબ! તમે કહ્યું પ્રમાણની બહાર જવું નહિ અને પ્રમાણમાં અટકવું નહિ', ઓહોહો! એટલો તેને ઉત્સાહ આવી ગયો, આહાહા! આજ પણ પત્રમાં તે લખે છે. તેમ જ કોઈ પકડવા વાળું તો હોય છે. વાણી વાંજણી નથી હોતી, ગ્રહણ કરવાવાળા હોય છે. કુંદકુંદની વાણી, એમ કીનળે અને કોઈ ગ્રહણ ન કરે? મુમુક્ષુ:- એમ નથી હોતું. ઉત્તર:- આ કુંદકુંદની વાણી છે ને! આહાહા! જીનવાણી છે ને! આહાહા! **કાંઈ દેખાતા નથી. જ્યાં સુધી આ રીતે**, આ રીતે એકને નથી દેખતો, ત્યાં સુધી **આ રીતે જીવતત્ત્વનું જાણપણું જીવને નથી ત્યાં સુધી તે વ્યવહારદ્રષ્ટિ છે,**પર્યાયદ્રષ્ટિ છે. નવતત્ત્વને જાણે છે, આહાહા! નવતત્ત્વને જનવાથી પંડિત થાય, પણ જ્ઞાની નહીં થાય. આ ૬ દ્રવ્ય,નવતત્ત્વને જાણે, પણ એક આત્માને જાણ્યો નહિ. તો કયં જાન્યુ (નહિ). મોતિલાલજી સાહિબ! આહાહા! એકને જાન્યુ તેને બધુ જાણી લીધું, આહાહા! કયં બાકી રહ્યું નથી. આહાહા! **જ્યારે એક આ પ્રકારે જીવની જાણકારી જીવને નથી ત્યાર સુધી,** limit (સીમા) ગાયકલ સુધી ભલે નથી જાણતો પણ આજે જાણવામાં આવી શકે છે, અત્યારે આવી શકે છે. એમ કોઈ ગાયકલનો દોષ નથી નડતો. પંચમકાળ નથી નડતો, કર્મનો ઉદય નથી નડતો, દેહની, દેહમાં cancer (કેન્સર) હોય તો પણ નડતો નથી. નિર્ધનતા નડતી નથી, અલ્પ ક્ષયોપશમ નડતો નથી,

આહાહા! સંસ્કૃત વાંચવું જોયે અને જયપુરમાં ભર્તી કરવી જોઈએ અને ઉપાધ્યાય અને આચાર્ય અને શાસ્ત્રી અને, આહાહા! કોઈ જરૂરી નથી. આ સંજ્ઞની પંચઈન્દ્રિય મનુષ્ય જીવ ચાર ગતિવાળો કોઈ પણ મનવાળા પ્રાણી પોતાનો આત્માનો અનુભવ કરી શકે છે. આહાહા! ત્યાં સુધી તે વ્યવહારદ્રષ્ટિ છે. પરને જાણવામાં રોકાઈ ગયો, સ્વને ભુલી ગયો. **ભિન્ન-ભિન્ન નવતત્વ ને માને છે**. જાણે છે અને માને પણ છે. **જીવ પુદગલની બંધ પર્યાયરૂપ દ્રષ્ટિથી આ પદાર્થ ભિન્ન-ભિન્ન દેખાય છે.** પરના સંબધથી ભિન્ન ભિન્ન દેખાય છે પણ જ્યારે શુધ્ધનયથી એટલે અંતરમુખી જ્ઞાનથી, જે જ્ઞાન બહિરમુખ હતું, તે જ્ઞાન અંદરમાં ઝુકે છે. આહાહા! તો **શુધ્ધનયથી જીવ-પુદગલનું નિજસ્વરૂપ જુદું જુદું જોવામાં આવે, ત્યારે એ પુણ્ય, પાપ આદિ સાત તત્ત્વ કાંઈ પણ વસ્તુ નથી**. અવસ્તુ થઈ ગઈ. વસ્તુ (ના રહી). આહાહા! મુમુક્ષુ:- પોતાના અભેદ અખંડ સ્વભાવમાં ક્યાં છે તે? ઉત્તર:- તે ક્યાં ગઈ? આહાહા! આ **વસ્તુ નથી. તે નિમિત-નૈમિતિક ભાવથી થયા હતા, એટલે જ્યારે તે નિમિત-નૈમિતિક ભાવ મટી ગયો** આહાહા!

**મટી ગયો,** આહાહા! **ત્યારે જીવ-પુદગલ જુદા-જુદા હોવાથી બીજી કોઈ વસ્તુ (પદાર્થ) સિધ્ધ થઈ શક્તિ નથી**. **વસ્તુ તો દ્રવ્ય છે**। જુઓ! હવે એક કોહિનૂરનો હીરો આવે છે, કોહિનૂરનો હીરો, ભર્યું છે અંદરમાં. આહાહા! **વસ્તુ તો દ્રવ્ય છે, અને દ્રવ્યનો નિજભાવ** દ્રવ્યનો નિજભાવ< **દ્રવ્યની સાથે જ રહે છે**. પરમ-પરિણામીક સ્વભાવભાવ દ્રવ્યની સાથે અનાદિ-અનંત રહે છે. તે નવતત્ત્વ અનાદિ-અનંત સાથે રહેતા (નથી). સંયોગરુપ પણ નથી રહેતા. તાદાત્મ્યરુપ તો નથી રહેતા એક સમયની માટે પણ, પણ સંયોગ સંબધ પણ છુટી જાય છે. ઉત્પાદ-વ્યય સંયોગ છે સ્વભાવ (નથી). આહાહા! ધ્રુવ સ્વભાવ છે, ઉત્પાદ-વ્યય તો આવે છે અને જાય છે. કોઈ આવે અને કોઈ જાય હું તો જાણનાર છું. આહાહા! **વસ્તુ તો દ્રવ્ય છે, અને દ્રવ્યનો નિજભાવ**આ નવતત્ત્વ દ્રવ્યના, આત્માના નિજભાવ નથી. પર્યાય ભાવ છે. આહાહા!યે પરભાવ છે, પરદ્રવ્ય છે, હેય છે. આહાહા! એનું અર્થ એમાં અપનાંપન ન કરવું, અપનાંપન ન કરવું, બસ એટલું છે. **દ્રવ્યનું નિજભાવ દ્રવ્યની સાથે જ રહે છે તથા નિમિત-નૈમિતિક ભાવનો અભાવ જ થાય છે**, **માટે શુધ્ધનયથી જીવને જાણવાથી જ સમ્યકદર્શનની પ્રાપ્તિ થઈ શકે છે.** સમ્યકદર્શન એટલે આત્માનો અનુભવ થયું તો અનુભવમાં જે જાણવામાં આવ્યું, તે જાણવામાં આવ્યું આ હું છું એનું નામ પ્રતીતિ, એનું નામ સમ્યકદર્શન છે સમ્યકદર્શનની પ્રાપ્તિ થઈ શકે છે. **જ્યાં સુધી જુદા-જુદા નવ પદાર્થોને જાણે,** ભિન્ન-ભિન્ન, આ પુણ્ય-પાપ છે, આ આશ્રવ છે, આ બંધ છે, આ સવંર છે, તેના આ લક્ષણ છે, તેના આ નિમિત છે, તેમાં આ નિમિત છે. આહાહા! એવા જ્ઞાનને ખંડ-ખંડ કરવાથી આત્માનો નાશ કરી દે છે, આહાહા! <b>જ્યાં સુધીજુદા-જુદાન

નવ પદાર્થને જાણે, શુધ્ધનયથી આત્મા જાણે નહિ ત્યાં સુધી પર્યાયબુધ્ધિ છે. </b>મિથ્યાદ્રષ્ટિ અજ્ઞાની રહે છે. આહાહા! હવે નવતત્વને જાણવાનું બંધ કરી દો. આહાહા! અને એક શુધ્ધ આત્માને અંતરદ્રષ્ટિથી જોવે તો સમ્યકદર્શન થશે અને અલ્પકાળમાં મુક્તિ થશે.